નવસારીની હોટલો લાકડાં પર નિર્ભર

2200 રૂપિયાના 21 કિલોના ગેસ સિલિન્ડરનો ભાવ 4200 થઈ ગયો

1800-1900માં મળતા ગેસ સિલિન્ડર બજારમાંથી ગાયબ: હોટલ એસોસિએશન

નવસારીઃ રાજ્યમાં કોમર્શિયલ ગેસના પુરવઠામાં અચાનક ઘટાડો થતા હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ પર સંકટ છવાયું છે. છેલ્લા થોડા દિવસોમાં ગેસ સિલિન્ડરના ભાવોમાં ભારે ઉછાળો આવતા સંચાલકો માટે પરિસ્થિતિ કાબૂ બહાર જતી દેખાઈ રહી છે.

માહિતી અનુસાર, 21 કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર, જે અગાઉ અંદાજે 2200માં મળતો હતો, તે હવે 4200 સુધી પહોંચ્યો છે. આ તીવ્ર ભાવવધારા પાછળ મુખ્ય કારણ ગેસ સપ્લાયમાં ઉભી થયેલી અછત હોવાનું જણાવાઈ રહ્યું છે. HP અને ઈન્ડિયન જેવી સરકારી ગેસ કંપનીઓ પાસે પૂરતો જથ્થો ઉપલબ્ધ ન હોવાને કારણે બજારમાં અનિશ્ચિતતા વધી છે.હોટલ એસોસિએશનના સૂત્રો મુજબ, અગાઉ 1800-1900માં મળતા સિલિન્ડરો હવે બજારમાંથી ગાયબ થઈ ગયા છે. આ ખાલી જગ્યાનો લાભ લઈ કેટલાક ખાનગી સપ્લાયરો મનફાવે તેવા ઊંચા ભાવે ગેસ વેચી રહ્યા હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. ગેસની અછતને પહોંચી વળવા ઘણા હોટલ સંચાલકો હવે ફરી કોલસા અને લાકડાં જેવા પરંપરાગત ઈંધણ તરફ વળી રહ્યા છે, જેના કારણે ખર્ચમાં વધારો થવાની સાથે પર્યાવરણ પર પણ અસર થઈ રહી છે.

ઉદ્યોગકારોનું કહેવું છે કે જો તાત્કાલિક ગેસ પુરવઠો સામાન્ય નહીં થાય, તો આવતા દિવસોમાં હોટલોના ભોજનના ભાવમાં 10 થી 15 ટકા સુધીનો વધારો કરવો ફરજિયાત બની જશે. જેના કારણે સામાન્ય જનતાના ખિસ્સા પર સીધી અસર પડશે અને મોંઘવારીનો ભાર વધુ વધી શકે છે.

ધરમપુરી પ્રાથમિક શાળામાં બીજા દિવસે પણ તાળાંબંધી

શિક્ષક સંજયભાઇ કુંકણાની માંગ કરવામાં આવી રહી છે

બદલી માટેની ફાઈલ ગાંધીનગર મોકલી દીધી છે: વાંસદા, ટી.પી.ઓ.

ધરમપુરી પ્રાથમિક શાળાના શિક્ષકની બદલી વિવાદ બાબતે વાંસદા ટી.પી.ઓ. ને ફોન કરતા તેમણે આ શિક્ષકની બદલી માટેની ફાઈલ ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવી છે, ઓર્ડર થતા જ તેમની બદલી કરી દેવામાં આવશે એમ જણાવ્યું હતું.

વાંસદાઃ વાંસદાની ધરમપુરી પ્રા.શાળાના શિક્ષક વિવાદમાં સતત બીજા દિવસે શાળાને તાળા બંધી છતાં અધિકારીઓ દ્વારા કોઈ ઉકેલ નહી, વિવાદિત શિક્ષક દ્વારા શાળાના વિદ્યાર્થીને પરીક્ષા માંથી વાળ પકડી ઉઠાડી મૂકવામાં આવ્યો હોવાની ઘટના પણ સામે આવી છે. શાળામાં તાળા બંધી ને લઈ બાળકોનું ભણતર બગડી રહ્યું હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ ઉકેલ નહીં

વાંસદા તાલુકાની ધરમપુરી પ્રાથમિક શાળા SMC કમિટી તથા વાલીઓએ પ્રાથમિક શાળાના શિક્ષક સંજયભાઈ કુકણાની બદલી ને લઈ સતત બીજા દિવસે પણ શાળાને તાળા મારવામાં આવ્યા હતાં જેના કારણે બાળકોના ભણતર સાથે ગંભીર ચેડા થઈ રહ્યા હોવાનું પ્રતીત થઈ રહ્યું છે. શાળાના શિક્ષક સંજયભાઈ દ્વારા શિક્ષક તરીકેની ફરજમાં ગંભીર ક્ષતિઓ અને શિસ્તભંગના આરોપ સાથે આજ શિક્ષક દ્વારા શાળાના એક વિદ્યાર્થીને કોઈ કારણોસર પરીક્ષા માંથી વાળ પકડીને પરીક્ષામાંથી ઉઠાડી મૂકવામાં આવ્યો હોવાની ઘટના પણ સામે આવી છે. આ પ્રકારની ગંભીર બેદરકારી ના પગલે smc કમિટી અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો. જેના પગલે આ શિક્ષકની તાત્કાલિક બદલીની માંગ વધુ ઉગ્ર બની છે. બાળકોના ભવિષ્યનો પ્રશ્ન હોવા છતાં શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા આ બાબતે કોઈજ ઉકેલ લાવવામાં આવતો નથી.

પોલીસના નાઇટ પેટ્રોલિંગના દાવા પર પ્રશ્નાર્થ

અતુલના બંગલામાં થાઈ ચલણ સહિત રૂ.10.79 લાખની ચોરી

પુત્ર થાઇલેન્ડ છે, પિતા સારવાર માટે અમદાવાદ હોવાથી બંગલો બંધ હતો

વલસાડ : વલસાડના ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોએ ખુલ્લેઆમ પોલીસને ચેલેન્જ ફેંકી છે. અહીંના એક બંગલામાંથી રૂ. 10.79 લાખની ચોરી કરી છે. આ ઘટનાના પગલે વલસાડ રૂરલ પોલીસના નાઇટ પેટ્રોલિંગના ધજાગરા ઉડી ગયા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ અતુલ ફર્સ્ટ ગેટ સામે પેટ્રોલપંપની બાજુમાં અમીષા સોસાયટીમાં બંગલા નં. 1 માં રહેતા હિતેન્દ્ર નરોત્તમદાસ શાહ (ઉં. 69) તેમની સારવાર માટે અમદાવાદ ગયા હતાં. તેમનો પુત્ર થાઈલેન્ડમાં સ્થાયી થયેલો હોય ઘરે કોઈ ન હતુંએ દરમિયાન કોઈ તેમના ઘરની બારી તોડી અંદર પ્રવેશ્યું હતુ અને અંદર પ્રવેશી કબાટમાં મુકેલા રોકડા રૂ. 2.5 લાખ, થાઈલેન્ડના બાથ 40000, તેમજ સોના-ચાંદી, હીરા-મોતી અને પ્લેટીનમના ઘરેણા મળી કુલ રૂ.10.79 લાખની ચોરી કરી કોઈ ચોર ફરાર થઈ ગયા હતાં. આ ઘટનાના પગલે સમગ્ર સોસાયટી જ નહીં, સમગ્ર અતુલ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સોસાયટીમાં બંગલામાં આટલી મોટી ચોરી થઈ ત્યારે આ ઘટનામાં કોઈ જાણભેદુ પણ હોય એવી શંકા પણ સેવાઈ રહી છે.

મહુવરમાં બેફામ દોડતા હાઈવા સામે પગલાંની માંગ

તલાટીએ મરોલી પોલીસ તથા જલાલપોર મામલતદારને ફરિયાદ કરી

નવસારીઃ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મહુવર ગામમાં મુખ્ય માર્ગ પરથી દોડતા માટી ભરેલા હાઈવા અને ટ્રકોને લઈને ગંભીર ચિંતા વ્યક્ત થઈ રહી છે. ગામના તલાટી કમ સેક્રેટરીએ આ મુદ્દે ખાણ-ખનીજ વિભાગને લેખિતમાં ફરિયાદ કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

મહુવર ગામનો મુખ્ય રસ્તો રોજિંદી અવરજવર માટે અત્યંત વ્યસ્ત માર્ગ છે. આ માર્ગ પર વશી હાઈસ્કૂલ અને મહુવર પ્રાથમિક શાળા આવેલ હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ રસ્તાનો ઉપયોગ કરે છે. અંદાજે 1500થી વધુ વિદ્યાર્થીઓ માટે આ માર્ગ જીવનરેખા સમાન છે, પરંતુ હાલમાં માટી ભરેલા હાઈવા અને ટ્રકોની બેફામ ગતિ તેમને જોખમમાં મૂકી રહી છે.

સ્થાનિકોનું કહેવું છે કે નજીકના વિસ્તારોમાં ચાલી રહેલા તળાવ ખોદકામના કારણે માટી ભરેલા વાહનો સતત આ રસ્તેથી પસાર થાય છે. ડ્રાઈવરો દ્વારા ગતિ મર્યાદાનો ભંગ થતાં ગમે ત્યારે અકસ્માત સર્જાઈ શકે તેવી ભીતિ વધી રહી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયતે મરોલી પોલીસ સ્ટેશન તથા જલાલપોર મામલતદારને પણ લેખિત જાણ કરી છે. ગ્રામજનોનો એકમાત્ર અવાજ છે કે, કોઈ નિર્દોષ બાળક દુર્ઘટનાનો ભોગ બને તે પહેલા જ તંત્ર સતર્ક બને અને આ બેફામ દોડતા વાહનો પર કડક નિયંત્રણ લાવે.

અડદા હોસ્ટેલમાં 6 મહિનાથી લાઈટ-પંખા નથી ચાલતા

ઉનાળામાં જ 250 વિદ્યાર્થિનીઓ મુશ્કેલીમાં મુકાતાં આંદોલનની ચીમકી

નવસારીઃ નવસારી જિલ્લાના અડદા ગામે આવેલી સરકારી SC/ST ગર્લ્સ હોસ્ટેલમાં હકીકત બિલકુલ વિપરીત ચિત્ર રજૂ કરે છે. અહીં આશરે 250 જેટલી વિદ્યાર્થીનીઓ છેલ્લા છ મહિનાથી લાઈટ અને પંખા જેવી મૂળભૂત સુવિધાઓ વિના જીવન જીવવા મજબૂર બની છે.

ગરમી વધતી જાય છે, ત્યારે પંખા વગરના રૂમમાં રહેવું દીકરીઓ માટે યાતનાસમાન બની ગયું છે. રાત્રિના સમયે પૂરતો પ્રકાશ ન હોવાથી અભ્યાસ કરવો મુશ્કેલ બન્યો છે, જે સીધો તેમના ભવિષ્ય પર અસર કરી રહ્યો છે.

આ ગંભીર પરિસ્થિતિ સામે 'સમસ્ત આદિવાસી સમાજ, ગુજરાત રાજ્ય'એ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી તંત્રની ઉદાસીનતા સામે કડક વાંધો ઉઠાવ્યો છે. સંગઠનના પ્રમુખ ડો. પ્રદીપ ગરાસિયાએ જણાવ્યું કે, અનેક વખત રજૂઆત છતાં તંત્રે કોઈ અસરકારક પગલાં લીધા નથી, જે પ્રશાસનની નિષ્ક્રિયતા અને બેદરકારી દર્શાવે છે. સંગઠને માંગ કરી છે કે તાત્કાલિક સ્થળ તપાસ કરીને એક અઠવાડિયામાં લાઈટ અને પંખાની સુવિધા પૂરી પાડવામાં આવે. અન્યથા, દીકરીઓના આરોગ્ય અને શિક્ષણ સાથે રમાતી આ બેદરકારી સામે ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ધોલાઈ ગામ પાસે અકસ્માતમાં ૩૫ વર્ષીય યુવાનનું મોત

બીલીમોરા : બીલીમોરા નજીકના ધોલાઈ ગામની હદમાં મંગળવારે ધોલાઈ ગામના નેહેરૂ સ્ટ્રીટ ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય ચિરાગભાઈ નારણભાઈ ટંડેલ તેમની એક્સેસ મોપેડ (નંબર GJ-21-BM-4643) પર બીલીમોરાથી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ધોલાઈ ગામની હદમાં DGVCL કંપનીના જેટકો સબ સેન્ટર પાસે સામેથી પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી ઈકો કાર (નંબર GJ-21-CE-3697) ના ચાલક હાર્દિકકુમાર ભરતભાઈ ટંડેલે (રહે. મેંધરગામ) તેમના મોપેડને ટક્કર મારી હતી. જેમાં ગંભીર ઈજા પહોંચતા તેમને મેંગુશી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કાંસ પુરાઈ જતાં ચોમાસામાં પૂરની દહેશત

નવસારી તાલુકાનાં નસીલપોર તેમજ આસપાસનાં 10-12 ગામના લોકોનો કાંસ બંધ કરી માત્ર બે પાઈપ નાંખ્યાનો આક્ષેપ

નવસારી : નવસારી તાલુકાના નસીલપોર વિસ્તારમાં ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને એક ગંભીર મુદ્દો સામે આવ્યો છે. સ્થાનિક ગ્રામજનોના આક્ષેપ મુજબ પ્રોજેક્ટનું કામ કરતી લાર્સન એન્ડ ટુબ્રો (L|T) કંપની દ્વારા કુદરતી રીતે વરસાદી પાણીના નિકાલ માટે ઉપયોગમાં આવતો કાંસ પુરાઈ દેવામાં આવ્યો છે, જેના કારણે ચોમાસામાં પાણી ભરાવાની ભીતિ ઊભી થઈ છે.

ગ્રામજનો જણાવે છે કે વર્ષોથી આ કુદરતી કાંસ મારફતે આસપાસના લગભગ 10 થી 12 ગામના ખાડી વિસ્તારમાંથી આવતા વરસાદી પાણીનો નિકાલ થતો હતો. પરંતુ હાલ કાંસને બંધ કરી તેની જગ્યાએ માત્ર 48 ઈંચના બે પાઈપ નાખવામાં આવ્યા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. સ્થાનિકોના મતે આ વ્યવસ્થા પૂરતી નથી અને ભારે વરસાદ દરમિયાન પાણીનો પ્રવાહ અટકી શકે છે.

જો વરસાદી પાણીનો યોગ્ય નિકાલ નહીં થાય તો ગામોમાં પાણી ભરાવાની તેમજ ખેતીને ભારે નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મુદ્દે ખાસ કરીને આદિવાસી વિસ્તારોના ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગ્રામજનો દ્વારા આ મામલે તાત્કાલિક તપાસ કરી કુદરતી પાણીના નિકાલની વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. સાથે જ ચોમાસા પહેલા યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે તો ગામોને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી શકે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

'અમારી ચાલની લેડીસ સાથે વાત કરે છે' તેમ કહી માથું ફોડ્યું

વાપીના ચણોદમાં બનેલી ઘટના અંગે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

વિનોદ રાજહંસ નામનો યુવાન ભાભીને ત્યાં જમવા ગયો હતો ત્યારે હુમલો કરાયો

વાપી : વાપી ચણોદની ચાલીમાં લેડીસ સાથે કેમ વાતચીત કરે છે કહી મારામારી કરી અને પથ્થર વડે માથું ફોડયું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ વાપી નજીકના ચણોદ ગ્રામ પંચાયતની પાસે આવેલ લાભ-શુભ બિલ્ડીંગના ફલેટમાં માનવ વિનોદ રાજહંસ (ઉં.28) રહે છે. તેમની ભાભી ચણોદ આરાધના નગરમાં આવેલ ચાલીમાં રહે છે.

તેઓ ભાભીના ઘરે રાત્રીના જમવા માટે ગયા હતા અને ત્યારબાદ વાતચીત કરી રહ્યા હતાં. તે સમયે ચાલીમાં રહેતો સંતોષ બહાદુર રાય આવ્યો હતો અને જણાવ્યું કે, તું કેમ અમારી ચાલની લેડીસ સાથે વાતો કરે છે કહી ધક્કો મારી બોલાચાલી કરી હતી અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો અને પથ્થર વડે માથામાં મારતા લોહીલુહાણ થઈ ગયો હતો.

ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ દ્વારા વલસાડ સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ માનવે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

૨ વર્ષથી ફરાર આરોપી નવસારી LCBના હાથે ઝડપાયો

નવસારીઃ નવસારી એલ.સી.બી.એ દારુના ગુનામાં છેલ્લા બે વર્ષથી ફરાર વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરાઈ હતી. એલ.સી.બી.ના પીઆઈ વી.જે. જાડેજાની સૂચનાથી ટીમે ખાનગી બાતમીના આધારે મહારાષ્ટ્રમાં તપાસ શરૂ કરી. બાતમી મુજબ આરોપી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે-૪૮ પર ગજાલી હોટલ પાસે મળ્યો હતો. આરોપી કલ્પેશ બબન પાટીલ (રહે. મસરોલી, તા. વિકર્મગઢ, જી. પાલઘર, મહારાષ્ટ્ર) હોવાનું બહાર આવ્યું છે.પકડાયેલા આરોપીને આગળની કાર્યવાહી માટે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

બિલાડી અને કૂતરા માટે મહિલા ગૌમાંસ લાવી

બીલીમોરાની ગાયકવાડ મિલ ચાલમાં પોલીસે હંસાબેન વાઘેલાની ધરપકડ કરી

બીલીમોરા : બીલીમોરાની ગાયકવાડ મીલ ચાલમાંથી ગૌરક્ષકની બાતમીના આધારે પોલીસે અંદાજે સાડા ત્રણ કિલોગ્રામ કથિત ગૌમાસ ઝડપી પાડી મીલ ચાલમાં રહેતી મહિલા ની અટક કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીલીમોરાના ગૌરક્ષકને બાતમી મળી હતી કે ગાયકવાડ મીલ ચાલમાં રહેતા હંસાબેન હરીશભાઈ વાઘેલા (ઉ.૫૫) ગૌમાંસ લાવ્યા છે, જેની જાણકારી તેમણે પોલીસને આપતા પોલીસને ઘરમાંથી રાંધેલું ૨.૩૫૫ કિલોગ્રામ કથિત ગૌમાસ મળી આવ્યું હતું. આ અંગે હંસાબેન વાઘેલાને પૂછતા તેઓ તેમને ત્યાં પાળેલા બિલાડી અને શેરીના કુતરાઓ માટે લાવ્યા હોવાનું પોલીસને જણાવ્યું હતું. જોકે ઘરની તપાસ કરતા આ સિવાય ઘરમાંથી કાચું ૧.૨૫૦ કીલોગ્રામ પણ મળી આવ્યું હતું. પોલીસે ૩.૬૦૫ કિલોગ્રામ સાથે પ્રેશર કુકર, સ્ટીલની જાળી મળી કુલ્લે રૂ.૧૩૨૧ નો મુદ્દામાલ પકડી પાડી હંસાબેન હરીશભાઈ વાઘેલાની અટક કરી પકડાયલ કથિત ગૌમાસ એફએસએલમાં ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યું છે.

ભીલાડમાં પાણી માટે ટેન્કર મંગાવવા પડે છે

ઉનાળાની શરૂઆત થતાં જ ઉમરગામ તાલુકામાં પાણીનો કકળાટ, ધારાસભ્યને રજૂઆત

ઉમરગામ : ભીલાડમાં પાણીનો કકળાટ શરૂ થયો છે સ્થાનિકોએ આ અંગે ધારાસભ્યને રજૂઆત કરી છે

ઉનાળાની શરૂઆત સાથે જ ઉમરગામ તાલુકામાં ઘણા ગામોમાં પાણીનો કકડાટ શરૂ થયો છે. ભીલાડમાં પણ સ્થાનિકો પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે કુવા બોરના પાણી ઊંડે ઉતરી ગયા છે. અને નળોમાં પૂરતું પાણી આવતું નથી લોકોએ પાણીના ટેન્કરો મંગાવા પડી રહ્યા છે ઘણી જગ્યાએ પાણી પુરવઠા બોર્ડ દ્વારા બનાવવામાં આવેલી પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન ઉભી છે આ સમગ્ર બાબતે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરને અત્રેના સ્થાનિકોએ સમસ્યાના નિરાકરણ લાવવા રજૂઆત કરી છે. ધારાસભ્ય રમણભાઈ પાટકરે પણ પાણી પુરવઠાના અધિકારીઓને તાત્કાલિક પાણીની સમસ્યાના નિરાકરણ લાવવા સ્થળ ઉપર વિઝીટ કરવા જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉમરગામ તાલુકામાં 40 ગામ પાણી પુરવઠા યોજના અંતર્ગત કરોડ રૂપિયા ખર્ચાયા પછી પણ લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા ગામોમાં તો આ યોજનાનુ પાણી પહોંચતું પણ નથી.

નવી વંદે ભારત સ્લીપરને વલસાડ રેલવે સ્ટેશને સ્ટોપેજ આપો

સુરત-વલસાડ વચ્ચે સાંજે 7થી 11 દરમિયાન ટ્રેનો દોડાવવા સાંસદ ધવલ પટેલની માંગ

દમણ-દીવના માછીમારોને રાહત ભાવનું ડીઝલ પૂરું પાડવા સાંસદની માંગ

દમણ : દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે દ્વારા આજે લોકસભામાં જણાવ્યું કે, દમણ-દીવમાં માછીમારોએ ડિઝલની ભારે કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે. દમણ-દીવના મોટાભાગના માછીમારો સંપૂર્ણપણે દરિયાઈ માછીમારી પર જ નિર્ભર છે અને ડીઝલ તેમની જીવનરેખા છે. એ ન મળવાના કારણે હજારો પરિવારની આજીવિકા જોખમમાં મુકાઈ જવા પામી છે. તેમણે સરકાર પાસે માંગ કરી કે, માછીમારોને ડિઝલનો પુરવઠો તાત્કાલિક અસરથી પુનઃસ્થાપિત કરવો જોઈએ.

વલસાડ : વલસાડ-ડાંગ સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલે લોકસભામાં રેલવે બજેટ પરની ચર્ચા દરમિયાન મુંબઈ-ગાંધીનગર અને મુંબઈ-દિલ્હી વચ્ચે શરુ થયેલી નવી વંદે ભારત સ્લીપર ટ્રેનને વલસાડમાં સ્ટોપેજની માંગણી કરી હતી. વલસાડ રેલવે સ્ટેશન પર વધુ ટ્રેનોના સ્ટોપેજ અને કોરોનાકાળમાં બંધ થયેલી ટ્રેનો ફરી શરૂ કરવા માટે વંદે ભારત અને શતાબ્દી એક્સપ્રેસ માટેની માંગ, સુરતથી વલસાડ માટે સાંજે વધારાની ટ્રેનો દોડાવવા, સરકાર સમક્ષ મહત્વની માંગણીઓ રજૂ કરી હતી.

ઉપરાંત દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારને ધ્યાનમાં લઈ શ્રમિકોની સુવિધા માટે ટ્રેનોની જરૂરિયાતની રજૂઆત કરી હતી. સંજાણ રેલવે સ્ટેશન પર સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસનું સ્ટોપેજ આપવા, પાલઘર (મહારાષ્ટ્ર), દમણ અને દાદરા નગર હવેલીના સાંસદો સાથે મળીને તેમણે સંયુક્ત રીતે ટ્રેન સુવિધાઓ વધારવા માંગ કરી છે. ઉમરગામ સ્ટેશન માટે ફ્લાઈંગ રાણી, અવધ એક્સપ્રેસ અને રાણકપુર એક્સપ્રેસના સ્ટોપેજ માટે રજૂઆત કરી હતી.

ધરમપુર ચોકડી પાસે 83,125નો દારૂ ઝડપાયો

વલસાડઃ વલસાડના ધરમપુર ચોકડી હાઈવે ઉપર રેનોલ્ટ કારમાં સંતાડીને લઈ જવાતો રૂપિયા 83,125 ના દારૂ સાથે સુરતના યુવાનની ધરપકડ કરી હતી. વલસાડ સિટી પોલીસની ટીમે બાતમીના આધારે, વલસાડ ધરમપુર ચોકડી નેશનલ હાઈવે પરથી રેનોલ્ટ કાર નંબર GJ 15 CP 3572 અટકાવીને કારની ડિકીના ભાગે બનાવેલું ચોરખાનામાંથી રૂપિયા 83,125 ઈંગ્લિશ દારૂ બોટલ નંગ 235 મળી આવી હતી. સુરતનો કારચાલક ભરતભાઈ અમીરભાઈ ડાભીની પોલીસે ધરપકડ કરી તપાસમાં જાણવા મળ્યું છે કે, આ દારૂનો જથ્થો સુરતના જ પ્રવીણભાઈ પાટીલે ભરી આપ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને રૂ.5 લાખની કાર મળી કુલ રૂા. 5,83,125/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-4, નોઇડા-201301.
રજિસ્ટર્ડ ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057,
ફોન: 011 49267000, ટોલ ફ્રી નં: 1800 212 8800, ઇમેઇલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC300148

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 ("એક્ટ") ની કલમ 13 (2) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ.

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા, એક્ટ હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને નિયમોના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13 (12) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે મુજબની તારીખે કલમ 13(2) હેઠળ વિગતવાર ડિમાન્ડ નોટિસો પહેલેથી જ જારી કરી છે, જેમાં અહીં સૂચિબદ્ધ લોનધારક(કો)/સહ-લોનધારક(કો)/જામીનદાર(રો) (બધાને વ્યક્તિગત રીતે અથવા સામૂહિક રીતે "દેવાદારો" તરીકે ઓળખવામાં આવે છે)/કાયદેસરના વારસદારો/કાયદેસરના પ્રતિનિધિઓને સંબંધિત ડિમાન્ડ નોટિસની તારીખથી 60 દિવસની અંદર નીચે આપેલી વિગતો મુજબ રકમ ચુકવવા માટે જણાવાયું છે. ઉક્ત નોટિસોની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવી છે અને તે અધોહસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે અને ઉક્ત દેવાદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ), જો તેઓ ઇચ્છે તો, સામાન્ય કચેરી સમય દરમિયાન કોઈપણ કામકાજના દિવસે અધોહસ્તાક્ષરકર્તા પાસેથી સંબંધિત નકલ મેળવી શકે છે.
ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત દેવાદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ HHFLને સંબંધિત નોટિસની તારીખથી 60 દિવસની અંદર, તેમના નામની સામે નીચે દર્શાવેલ રકમ, કોલમ (d)માં ઉલ્લેખિત તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી નીચે મુજબના વધુ વ્યાજ સાથે, લોન કરાર અને ઉક્ત દેવાદાર(રો) દ્વારા કરવામાં આવેલ અન્ય દસ્તાવેજો/લખાણો સાથે વાંચીને ચૂકવી દે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે, નીચેની સુરક્ષિત મિલકતો ઉક્ત દેવાદાર(રો) દ્વારા અનુક્રમે HHFL પાસે ગીરો મૂકવામાં આવી છે.

લોન એકાઉન્ટ નંબર	દેવાદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/પ્રતિનિધિ(ઓ) ના નામ	કુલ બાકી રકમ (રૂ.) નીચેની તારીખ મુજબ	ડિમાન્ડ નોટિસની તારીખ	NPA તારીખ
HHFNVSHOU 24000051957, HHFNVSIPL 24000051960	તબસુમ સિદ્દીક સૈયદ, સિદ્દીક રસીદ સૈયદ	રૂ. 19,43,515/- 12-Mar-2028 ના રોજ બાકી	12.03.2026	06-03-2026

સુરક્ષિત અસ્કયામતો/સ્થાવર મિલકતો/ગીરો મિલકતોનું વર્ણન:- ફ્લેટ નંબર 403, ચોથો માળ, ક્ષેત્રફળ 940 ચોરસ ફૂટ એટલે કે 87.36 ચોરસ મીટર, સાથે "રોયલ પેલેસ-બી" ની જમીનમાં 14.38 ચોરસ મીટર અવિભાજિત હિસ્સો ધરાવતી તમામ રહેણાંક મિલકત, જે સિટી સર્વે નંબર 51, 50, 54, કુલ ક્ષેત્રફળ 343.64.92 ચોરસ મીટર પૈકી 215.72.14 ચોરસ મીટર, વોર્ડ નં. 4, ટીકા નં. 10/2, ઘર નં. 1545/403, પીટી વોર્ડ નં. 4. ટેનામેન્ટ નં. 1004789/0 જૂનો ટેનામેન્ટ નં. 7809/0, મોજે નવસારી, તાલુકોઃ નવસારી, જિલ્લોઃ નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલી છે. ટાઇટલ દસ્તાવેજમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓઃ ઉત્તરઃ કોમન પેસેજ, દક્ષિણઃ રોડ, પૂર્વઃ ફ્લેટ નં. 402, પશ્ચિમઃ દરામાતાનું મંદિર.

*ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી ખર્ચાયેલા વધુ વ્યાજ, ઉપરોક્ત ઉલ્લેખિત સંબંધિત ડિમાન્ડ નોટિસમાં જણાવેલ દર મુજબ વધારાનું વ્યાજ, આકસ્મિક ખર્ચ, શુલ્ક વગેરે સાથે. જો ઉક્ત દેવાદાર(રો) ઉપર મુજબ HHFLને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો HHFL ઉક્ત એક્ટની કલમ 13(4) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકત(તો)/સ્થાવર મિલકત(તો) સામે કાર્યવાહી કરશે, જેની તમામ જવાબદારી, ખર્ચ અને પરિણામો ઉક્ત દેવાદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ના રહેશે.
ઉક્ત દેવાદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ઉક્ત એક્ટ હેઠળ HHFLની પૂર્વ લેખિત સંમતિ વિના ઉપરોક્ત સુરક્ષિત મિલકત(તો)/સ્થાવર મિલકતને વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે આ કાયદા અથવા તે હેઠળ